D.F.A.

૨૬૩

ચીફ પ્લાનિંગ ઓફિસર
સુરત મહાનગરપાલિકા,
નં. સીપીઓ/
તા.

પ્રતિ,
મંત્રીશ્રી,
સુરત મહાનગરપાલિકા,
સુરત.

વિષયઃ– મુસદ્દારૂપ નગર રચના યોજના સુરત નં. ૬૯ (ગોડાદરા–ડીંડોલી) ને ધી ગુજરાત નગર રચના અને શહેરી વિકાસ અધિનિયમની કલમ–૪૮(૧) હેઠળ ના.સરકારશ્રીની મંજુરી અર્થે સાદર કરવા બાબત.

આ કામની વિગત નીચે મુજબ છે.

સુરત મહાનગરપાલિકાની નગર નિયોજન સમિતિના ઠરાવ નં.૧૦/૨૦૦૮, તા.૦૫–૦૩–૦૮ થી સુરત મહાનગરપાલિકાના લિંબાયત ઝોન વિસ્તારમાં આવેલ, મોજેઃ ગોડાદરા–ડીંડોલી વિસ્તારની નગર રચના યોજના નં.૬૯ (ગોડાદરા–ડીંડોલી) ને તૈયાર કરવાનો ઈરાદો જાહેર કરવામાં આવેલ અને તેની પ્રસિધ્ધિ નામ. સરકારશ્રીના અસાધારણ રાજયપત્રમાં તા.૧૫–૦૩–૦૮ ના રોજ થયેલ તેમજ સ્થાનિક દૈનિક પત્રો "દિવ્યભાસ્કર" તથા "લોકતેજ" માં તા. ૧૮–૦૩–૦૮ ના રોજ પ્રસિધ્ધ કરવામાં આવેલ છે.

ધી ગુજરાત ટાઉન પ્લાનીંગ એન્ડ અર્બન ડેવલપમેન્ટ એકટ–૧૯૭૬ તથા નિયમો ૧૯૭૯ ની જોગવાઈઓ મુજબ સદરહુ નગર રચના યોજનાનો મુસદ્દો તૈયાર કરી, યોજનાથી અસર પામતાં હિત સંબંધ ધરાવનારાઓ તરફથી વાંધા / સુચનો માંગવા સુરત મહાનગરપાલિકાની નગર નિયોજન સમિતિનાં ઠરાવ નં. ૦૭/૨૦૦૯, તા. ૧૩–૦૨–૦૯ થી મુસદ્દાને પ્રસિધ્ધ કરવામાં આવેલ. સદર બાબતે ઉકત કાયદાની જોગવાઈઓ મુજબ કાર્યવાહી કરી નામ. સરકારશ્રીના રાજયપત્રમાં તા. ૨૦–૦૨–૦૯ ના રોજ અધિસુચન પ્રસિધ્ધ કરવામાં આવેલ અને સ્થાનિક દૈનિકપત્રો "સંદેશ" તથા " લોકતેજ " માં તા.૨૧–૦૨–૦૯ ના રોજ અધિસુચન પ્રસિધ્ધ કરી, વાંધા સુચનો મંગાવવામાં આવેલ છે. જે અન્વયે સમયમર્યાદામાં આવેલ ૦૭ (સાત) અને સમયમર્યાદા બાદ આવેલ ૦૩ (ત્રણ) વાંધા /સુચનોનો અભ્યાસ કરી, પ્રસિધ્ધ કરવામાં આવેલ મુસદ્દામાં અંશતઃ સુધારા કરવામાં આવેલ છે. હવે મુસદ્દારૂપ નગર રચના યોજના નં. ૬૯ (ગોડાદરા–ડીંડોલી) ને ઉકત કાયદાની કલમ–૪૮(૧) મુજબ સમયમર્યાદામાં એટલે કે તા. ૨૦–૦૫–૦૯ સુધીમાં નામ. સરકારશ્રીમાં સાદર કરવાની રહે છે.

ઉપરોકત હકીકત ધ્યાને લઈ, મુસદ્દારૂપ નગર રચના યોજના નં. ૬૯ (ગોડાદરા–ડીંડોલી) ને ગુજરાત નગર રચના અને શહેરી વિકાસ અધિનિયમની કલમ–૪૮ (૧) હેઠળ નામ. સરકારશ્રીની મંજુરી મેળવવા અર્થે, નામ. સરકારશ્રીમાં સાદર કરવા જરૂરી કાર્યવાહી કરવા માટે મ્યુનિ.કમિશનરશ્રીને અધિકૃત કરવા અંગેની આ દરખાસ્ત નગર નિયોજન સમિતિ સમક્ષ રજુ કરશો.

કમિશ્નર
સુરત મહાનગરપાલિકા